# રાહુલને માનહાનિ કેસમાં જામીન

**મેટ્રો કોર્ટે રૂપિયા ૧૫ હજારના જામીન મંજૂર કર્યા : તમને ગુનો કબૂલ છે તેવા પ્રશ્ન બાદ રાહુલ ગાંધીએ સ્પષ્ટ કર્યું કે, તેમને ગુનો કબૂલ નથી**



અમદાવાદ, તા.૧૨

અમદાવાદ ડિસ્ટ્રીક્ટ કો.ઓ.બેંકના ચેરમેન અજય પટેલ દ્વારા બદનક્ષી અને માનહાનિ અંગેની દાખલ કરાયેલી અલગ-અલગ ફરિયાદના કેસમાં કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષપદેથી તાજેતરમાં રાજીનામું આપનાર રાહુલ ગાંધી આજે અમદાવાદ શહેરની ઘીકાંટા સ્થિત મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટમાં તેમના નિષ્ણાત વકીલો સાથે હાજર રહ્યા હતા. જેમાં કોર્ટે રાહુલ ગાંધીની પ્લી રેકોર્ડ કરી હતી અને કેટલાક સવાલો પૂછયા હતા. જેના જવાબમાં રાહુલ ગાંધીએ સ્પષ્ટ જણાવ્યું હતું કે, તેઓ આ કેસમાં કોઈપણ રીતે દોષિત નથી. કોર્ટ કાર્યવાહીને અંતે રાહુલ ગાંધીએ જામીન માટે અરજી કરી હતી. ન્યાયાધીશે રૂ.૧૫ હજારના બોન્ડ પર રાહુલ ગાંધીના જામીન મંજૂર કર્યા હતા. રાહુલ ગાંધીના જામીન માટે ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ અમિત ચાવડા જામીનદાર બન્યા હતા. હવે આ કેસની વધુ સુનાવણી તા.૭ સપ્ટેમ્બરે હાથ ધરાશે. કોર્ટ કાર્યવાહી બાદ રાહુલ કોર્ટ સંકુલથી સર્કિટ હાઉસ પહોંચ્યા હતા.અગાઉ અમદાવાદ ડિસ્ટ્રીક્ટ કો.ઓ.બેંકના ચેરમેન અજય પટેલ દ્વારા બદનક્ષી અને માનહાનિ અંગેની દાખલ કરાયેલી અલગ-અલગ ફરિયાદના કેસમાં મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટે રાહુલ ગાંધી, રાષ્ટ્રીય પ્રવકતા રણદીપ સૂરજેવાલા વિરૂધ્ધ સમન્સ જારી કર્યું હતું. જેના અનુસંધાનમાં આજે રાહુલ ગાંધી કોંગ્રેસના સેંકડો કાર્યકરો અને આગેવાનોની હાજરીમાં નિષ્ણાત વકીલો સાથે મેટ્રોપોલીટન કોર્ટમાં હાજર થયા હતા. રાહુલ ગાંધી અદાલત સમક્ષ હાજર થતાં મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ દ્વારા તેમની પ્લી રેકોર્ડ કરવામાં આવી હતી. કોર્ટે પૃચ્છા કરી હતી કે, શું તમને આ કેસના દસ્તાવેજો અને જરૂરી કોપીઓ મળી ગઈ છે, જેના જવાબમાં રાહુલ ગાંધીએ હા જણાવ્યું હતું. દરમ્યાન કોર્ટે પૂછયું હતું કે, શું તમને ફરિયાદમાં જે આરોપ લગાવવામાં આવ્યો છે તે ગુનો કબૂલ છે, જેથી રાહુલ ગાંધીએ પ્રત્યુત્તર આપતાં સ્પષ્ટ કર્યું કે, તેઓ કોઈપણ રીતે આ કેસમાં દોષિત નથી અને તેમને ગુનો કબૂલ નથી. રાહુલ ગાંધીની પ્લી રેકોર્ડ થયા બાદ સીઆરપીસીની કલમ-૪૩૬ હેઠળ રાહુલ ગાંધી તરફથી જામીન અરજી કરવામાં આવી હતી. જેમાં કોર્ટે રૂ.૧૫ હજારના પર્સનલ બોન્ડ પર તેમના જામીન મંજૂર કર્યા હતા.

## ગુજરાત અનુસુચિત જાતિ મોરચાની ટીમ દ્વારા પી.એમ.ની શુભેચ્છા મુલાકાત લીધી



વડગામ, તા. ૧૨

ગુજરાત અનુસુચિત જાતિ મોરચાની ટીમ દ્વારા દિલ્હી પહોંચીને મુખ્ય પ્રધાન નરેન્દ્રભાઈ મોદીની શુભેચ્છા મુલાકાત લીધી હતી.

દિલ્હી ખાતે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની શુભેચ્છા મુલાકાત લેતા ગુજરાત પ્રદેશ અનુ જાતિ કાર્યાલય મંત્રી સતીષભાઈ પરમાર, અનુસૂચિત જાતિ મોરચોના અધ્યક્ષ અને રાજસભાના સાંસદ શંભુપ્રશાદ ટુન્ડિયાજી, મહામંત્રી ગૌતમભાઈ ગેડીયા, જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ અને અનુસૂચિત જાતિના પ્રદેશ અગ્રણી વિજયભાઈ ચક્રવર્તી (ડીસા) સાથે મોરચાની ટીમ દ્વારા દિલ્હી પહોંચીને પી.એમ.ની શુભેચ્છા મુલાકાત લીધી હતી.

## અરવલ્લી એસઓજી ટીમે તત્વ એન્જીનીયરીંગ કોલેજના વિદ્યાર્થીઓ સાથે સાયબર ક્રાઈમ જાગૃતિ શિબિર




મોડાસા, તા. ૧૧

હાલના યુગમાં સાયબર ક્રાઈમની ગુન્હાખોરી મોટા પ્રમાણમાં થઈ રહી છે. જેમાં સૌથી વધુ લોકો ઓનલાઈન ફ્રોડનો ભોગ બની લાખ્ખો રૂપિયાની લૂંટનો ભોગ બની રહ્યા છે.

અરવલ્લી જિલ્લા એસઓજી પોલીસ દ્વારા મોડાસા તત્વ એન્જીનીયરીંગ કોલેજમાં વિદ્યાર્થીઓમાં સાયબર સિક્યુરિટી અંગે જાગૃતતા વધે તેમજ ઓનલાઈન ફ્રોડના બનાવો ખૂબ બનતા હોય તે અંગે જરૂરી તકેદારી રાખવા અંગે તત્વ એન્જીનીયરીંગ કોલેજના કર્મચારીઓ, હોદ્દેદારો અને પી.આઈ. રાઓલની ઉપસ્થિતિમાં સેમિનાર યોજવામાં આવ્યો હતો. જેમાં એસઓજી પીએસઆઈ જાડેજા દ્વારા વિદ્યાર્થીઓને જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું તેમજ આ સેમિનાર થકી મળેલ માહિતીનો પોતાના પરિવારજનો તેમજ ગ્રામજનોમાં મહત્તમ પ્રચાર-પ્રસાર કરી સમાજહિતના કાર્યમાં યોગદાન આપવા વિદ્યાર્થીઓને અનુરોધ કરવામાં આવ્યો હતો.

## ભારતમાં મંગળવારે ખંડગ્રાસ ચંદ્રગ્રહણનો અવકાશી નજારો

ગાંધીનગર, તા. ૧૧

સમગ્ર ભારત સહિત વિશ્વના અમુક દેશો-પ્રદેશોમાં મંગળવારની મધ્યરાત્રિ બાદ પરોઢ સુધી તા. ૧૬/૧૭ જુલાઈએ ખંડગ્રાસ ચંદ્રગ્રહણનો અદ્‌ભુત નજારો બનવાનો છે. સમગ્ર ભારતમાં ગ્રહણ આશરે ૪ કલાક સુધી આહલાદક, અદ્‌ભુત આકાશમાં જોઈ શકાશે. વિશ્વના ખગોળ વૈજ્ઞાનિકોએ સંશોધનો માટે પોતાની નિયત જગ્યા-સ્થળની પસંદગી કરી લીધી છે. અદ્યતન ઉપકરણથી ગ્રહની રજેરજની માહિતી ટી.વી. ઉપર લોકો જોઈ શકવાના છે.

જાથાના રાજ્ય ચેરમેન અને એડવોકેટ જયંત પંડ્યાએ જણાવ્યું કે સંવત ૨૦૭૫ અષાઢ સુદ પૂનમને મંગળવાર મધ્યરાત્રિ બાદ ઉત્તરાષાઢા નક્ષત્ર અને ધનુ તથા મકર રાશિમાં થનારૂ ખંડગ્રાસ ચંદ્રગ્રહણ ભારતમાં દેખાશે. આ ગ્રહણ દક્ષિણ અમેરિકા, યુરોપ, આફ્રિકા, એશિયા, ઓસ્ટ્રેલિયા, રશિયાનો દક્ષિણ ભાગ, ન્યુઝીલેન્ડ, હિન્દ મહાસાગર, પેસિફિક મહાસાગર, એટલાન્ટિક મહાસાગરમાં દેખાશે. આશરે ચાર કલાક સુધી આ નજારો લોકો મનભરીને નરી આંખે જોઈ શકશે.

ભારતીય સમય મુજબ ભૂમંડલે ગ્રહણ સ્પર્શ : મંગળવાર મધ્યરાત્રિ બાદ તા. ૧૭મી જુલાઈએ ૦૧ કલાક ૩૧ મિનિટ ૪૯ સેકન્ડ, ગ્રહણ મધ્ય - ૦૩ કલાક ૦૧ મિનિટ, ગ્રહણ મોક્ષ : ૦૪ કલાક ૨૯ મિનિટ, ૪૩ સેકન્ડ, ગ્રહણ પર્વ કાળ : ૦૨ કલાક ૫૭ મિનિટ ૫૪ સેકન્ડ, ગ્રહણનું ગ્રાસમાન : ૦.૬૫૮ છે.

## શિક્ષણ સંચાલન પ્રક્રિયામાં ગુજરાત દેશમાં પ્રથમ ક્રમે

**ચોક્કસ સમયમાં પીએચડી કરનારને માસિક ૧૫૦૦૦નું સ્ટાઇપેન્ડ અને અન્ય ખર્ચ પેટે ૨૦૦૦૦ની સહાય મળશે**

અમદાવાદ,તા.૧૨

શિક્ષણ ક્ષેત્રે ગુણાત્મ પરિવર્તન લાવવા માટે શિક્ષણ વિભાગે છેલ્લા કેટલાક વર્ષોમાં કરેલા નોંધપાત્ર અને વ્યુહાત્મક પ્રયાસોના પરિણામે રાજયના શિક્ષણની ગુણવત્તામાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું છે. કેન્દ્ર સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા ભારતના તમામ રાજયોની શિક્ષણની કામગીરીને ધ્યાને રાખી અપાતા પર્ફોમન્સ ગ્રેડીંગ ઈન્ડેક્ષ(પી.જી.આઈ.)માં કેટલાક મહત્વના ઈન્ડીકેટરના લર્નિંગ આઉટકમ્સો અને ગુણવત્તામાં રાજયના શિક્ષણ વિભાગે ૧૮૦માંથી ૧૫૨, શિક્ષણની ઉપલબ્ધતામાં ૮૦માંથી ૭૩, ભૌતિક સુવિધાઓમાં ૧૫૦માંથી ૯૯, શિક્ષણની સમાન તકોમાં ૨૩૦માંથી ૨૦૭, શિક્ષણ સંચાલન પ્રક્રિયામાં ૩૬૦માંથી ૨૭૯ સ્કો૧ર મેળવી સમગ્ર દેશમાં ગુજરાત પ્રથમ સ્થાને રહયું છે. જયારે આ પાંચેય ઈન્ડીકેટરની સરેરાશના આધારે ગુજરાતને સમગ્ર દેશમાં ત્રીજૂ સ્થાન પ્રાપ્ત થયું હોવાનું શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આજે વિધાનસભા ગૃહમાં જણાવ્યું હતું.

ભારત સરકાર દ્વારા સરકારી પ્રાથમિક શાળાઓ માટે ગ્રીન યોર સ્કૂલ અંતર્ગત ગ્રીન સ્કૂલ એવોર્ડ એનાયત કરાય છે, તે અંતર્ગત ગત વર્ષ ભરૂચ જિલ્લાની આંકલવા અને ડાંગ જિલ્લાની ગોંડલ વિહિર સરકારી પ્રાથમિક શાળાએ ગ્રીન સ્કૂલ તરીકેનો પ્રથમ એવોર્ડ અને દ્વિતીય ક્રમનો એવોર્ડ મેળવ્યો હતો તેમ શિક્ષણ મંત્રીએ જણાવ્યું હતું. શિક્ષણ વિભાગની ૩૦૦૪૫ કરોડની અંદાજપત્રીય માગણીઓ પરની ગૃહમાં થયેલી ચર્ચાનો ઉત્તરવાળતા શિક્ષણ મંત્રીએ કેટલી નવી જાહેરાતો કરતા જણાવ્યું હતું કે, શિક્ષણની સુધારણાની પ્રક્રિયાના ભાગરૂપ રાજયની તમામ પ્રાથમિક શાળાઓમાં વર્ષ ૨૦૧૯-૨૦થી ધોરણ-૫ અને ધોરણ-૮માં અભ્યાયસ કરતાં વિદ્યાર્થીઓની વાર્ષિક પરીક્ષામાં નાપાસ થનાર વિદ્યાર્થીઓને બે માસ સઘન શિક્ષણ આપી પુનઃ પરીક્ષા લેવામાં આવશે.

## બાયડ તાલુકા ગુરુબ્રાહ્મણ સમાજ દ્વારા જીપીએસીમાં સમાજ માટે અપમાનજનક શબ્દ વપરાતા આવેદનપત્ર આપ્યું

બાયડ, તા. ૧૨



ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા લેવાયેલી પોલીસ સબ ઈન્સપેકટર વર્ગ- ૨ની પરીક્ષામાં પૂછાયેલ પ્રશ્ન પુસ્તિકામાં ક્રમાંક એફ(એફ) પ્રશ્ન-૧૦૪ના ચાર વિકલ્પ આપ્યા હતા જે પૈકી (બી) ગુજરાત સરકારે જે શબ્દ પર પ્રતિબંધ તા. ૨-૨-૨૦૧૭ના પરીપત્રથી જાહેર કરેલ છે તેમ છતાં પ્રતિબંધિત શબ્દનો પ્રયોગ પરીક્ષામાં કરવામાં આવેલ છે. શબ્દ પ્રયોગથી ગરૂબ્રાહ્મણ સમાજમાં જેનો રોષ વ્યાપેલ છે.

જેથી પેપર કાઢનાર બે જવાબદાર અધિકારીનું નામ જાહેર કરવામાં આવે તથા તેમના વિરધ્ધ કાયદેસરના પગલાં લેવામાં આવે તેવી બાયડ તાલુકા ગુજરાત ગુરૂબ્રાહ્મણ સમાજ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ બેધારી નિતી છોડી પરિપત્રનો ચુસ્ત પણે અમલ થાય અને ગુરૂબ્રાહ્મણ સમાજની લાગણીને ઠેસ પહોંચાડવા થયેલ કૃત્ય કરનાર જવાબદાર અધિકારીઓ સામે પગલાં ભરવામાં આવેની માંગ સાથે બાયડ તાલુકા બ્રાહ્મણ સમાજની માંગણી આવેદનપત્રરૂપી બાયડ પ્રાંત અધિકારીને આપી રજુઆત કરી હતી. જેમાં પૂનમચંદ પંડ્યા (સાઠંબા), પૂનમચંદ પંડ્યા (ગાબટ), દાસભાઈ પંડ્યા, કનુભાઈ પંડ્યા, શૈલેષ પંડ્યા સહિતના સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## વાવ અને સૂઇગામ તાલુકાના ૪૦૦ હેક્ટર વિસ્તારમાં સ્પ્રેથી દવાનો છંટકાવ કરી રણતીડનો સફાયો કરાયો

**તીડ નિયંત્રણ માટે કેન્દ્રની ટીમો અને ખેતીવાડી ખાતાના અધિકારીઓ વાવ અને સૂઇગામ તાલુકામાં ખડેપગે**



ગાંધીનગર, તા. ૧૨

તાજેતરમાં બનાસકાંઠા જિલ્લાના સરહદી વિસ્તાર વાવ અને સૂઈગામ તાલુકાના ગામોમાં પાકિસ્તાનથી આવેલા તીડના ટોળા ખેડૂતોના ખતેરો ઉપર ત્રાટકતા ખેડૂતોમાં ગભરાટ ફેલાયો હતો. તીડો ખેડૂતોના ખેતરોમાં ઈંડા મુકતા હોવાથી તે બીજા હજારો તીડોનો જન્મ આપતા હોય છે. જેનાથી ખેડૂતોના ઉભા પાકને વ્યાપક નુકશાન થાય છે. તીડથી ખેડૂતોના ઉભા પાકને નુકશાન થતું અટકાવી શકાય અને ખેડૂતો શાંતિથી રહી શકે તે માટે તીડના આક્રમણ સામે કેન્દ્ર સરકાર અને રાજય સરકાર દ્વારા ત્વરીત પગલા લેવાતાં ખેડૂતોને હાશકારો અનુભાવાયો છે.

તીડ નિયંત્રણ માટે કેન્દ્રની ટીમો અને જિલ્લા ખેતીવાડી ખાતાના અધિકારીઓ વાવ અને સૂઈગામ તાલુકાના ગામોમાં કેમ્પ કરી ખડેપગે તીડ નિયંત્રણની કામગીરી કરી રહ્યા છે. તા. ૧૧ જુલાઈ-૨૦૧૯ સુધીમાં બનાસકાંઠા જિલ્લામાં વાવ તાલુકાના લોદ્રાણી, બુકણા, અસારાવાસ, નાળોદર અને માવસરી તથા સૂઈગામ તાલુકાના મેઘપુરા, સૂઈગામ, પાડણ અને ભરડવા ગામમાં તથા તે વિસ્તારના ખેડૂતોના ખેતરોમાં કુલ- ૪૦૦ હેકટર વિસ્તારમાં સ્પ્રેથી જંતુનાશક દવા (મેલાથીઓન ૯૬ ટકા યુએલવી)નો છંટકાવ કરવામાં આવ્યો છે. જેનાથી તીડનું નિયંત્રણ કરી શકાયું છે.

## પાલનપુર તાલુકા વિકાસ અધિકારી કીર્તિભાઈ પરમારનો વિદાય સમારંભ યોજાયો




પાલનપુર, તા. ૧૧

પાલનપુર તાલુકા પંચાયતમાં ફરજ બજાવતા તાલુકા વિકાસ અધિકારી વય નિવૃત થતાં તેમનો વિદાય સમારંભ વિરપુર આશ્રમ ખાતે યોજાયો હતો.

૩૦ જુનના દિવસે વય નિવૃત થયેલા પાલનપુર તાલુકા પંચાયતના ટીડીઓ કિર્તીભાઈ પરમારનો વિદાય સમારંભ વિરપુર આશ્રમ ખાતે યોજાયો હતો જેમાં વિરપુર આશ્રમના મહંત તથા જિલ્લા વિકાસ અધિકારી, બ.કા. પાલનપુર, તાલુકા પંચાયત પ્રમુખ, પાલનપુર તાલુકા પંચાયતના બાંધકામ શાખાના અધિક મદદનીશ ઈજનેર વશરામભાઈ રાઠોડ, તાલુકા પંચાયતના વિસ્તરણ અધિકારી ભિખુસિહ પરમાર, એ.જી. પરમાર, રસીકભાઈ મોઢ, મનરેગા શાખા, કર્મચારી રમેશભાઈ પરમાર, કોંગ્રેસ અગ્રણી મુકેશભાઈ ચૌહાણ સહીત મોટી સંખ્યામાં તલાટીઓ હાજર રહીને તાલુકા વિકાસ અધિકારી કીર્તિભાઈ પરમારને માનભેર સાલ ઓઢાડીને ભેટ સોગાદો આપીને વિદાયમાન કરાયા હતા.

## સદવિચાર ફાઉન્ડેશન દ્વારા જન્મ દિવસની અનોખી ઉજવણી

વડગામ, તા. ૧૨

બનાસકાંઠામાં કાર્યરત સદવિચાર ફાઉન્ડેશન હમેશાં અલગ અલગ સેવાકીય પ્રવૃત્તિઓ સાથે સમગ્ર બનાસકાંઠામાં સેવાકીય કાર્ય કરી રહી છે.

ત્યારે પાલનપુરના ખ્યાતનામ લોકગાયક સાગરભાઈ પુરબીયાના જન્મદિવસની ઉજવણી વડગામ તાલુકાના મેજરપુરા પ્રા. શાળા ખાતે વૃક્ષ પૂજન તેમજ વૃક્ષોની વાવણી કરીને અનોખી રીતે જન્મ દિવસની ઉજવણી કરવામાં આવી. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ ચિત્રો દોર્યા હતા જેમાં ૧ થી ૩ નંબર આવનાર દરેક વિદ્યાર્થીઓને વૃક્ષ ભેટ સ્વરૂપે આપવામાં આવેલ તેમજ શાળાની દિકરીઓના હસ્તે વૃક્ષને કુમકુમ તિલક કરી મહેમાનોના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. દરેક વિદ્યાર્થીઓએ વૃક્ષનો ઉછેર કરવાનો સંકલ્પ લીધો હતો.

આ પ્રસંગે પાલનપુરના લોકગાયક સાગરભાઈ પુરબીયા,



રિનાબેન ઠાકોર લોકગાયિકા, રાહુલભાઈ કોઈટિયા, મેજરપુરાના સરપંચ ભવાનસિહ ભાટી, આચાર્ય મણીભાઈ પંચાલ, કેદારસિંહ ચૌહાણ કરજા, પરેશ ચૌહાણ, સહિત શાળાનો સ્ટાફ ગણ તેમજ મહેમાન ઉપસ્થિત રહ્યા હતા. ગ્રામજનો અને શાળા સ્ટાફગણે સદવિચાર ફાઉન્ડેશનની સમગ્ર ટીમની કામગીરીને બિરદાવી હતી.

## કિનારા કેપિટલે ભારતની ૧૦૦મી શાખા અમદાવાદમાં શરૂ કરી

ભારતમાં નાના કારોબારીઓને ધિરાણ આપતી કિનારા કેપિટલે આજે ભારતમાં તેની ૧૦૦મી શાખા શરૂ કરી હતી અને છ રાજ્યોમાં તેની સેવાઓનું વિસ્તરણ કર્યુ હતુ. અમદાવાદમાં ૧૦૦મી શાખાનો પ્રારંભ ગુજરાતના આશાસ્પદ અને જીવંત અર્થતંત્રમાં કંપનીની વૃદ્ધિની શરૂઆત છે.

કિનારા કેપિટલ મિલક્તને જામીનગીરીમાં લીધા વગર રૂ. ૨ થી રૂ. ૨૫ લાખની રેન્જમાં નાના વેપારી એકમોને ઝડપી અને સુવિધાયુક્ત લોન માત્ર પાંચથી સાત દિવસમાં પુરી પાડે છે. કંપનીની કુલ એશેટ અન્ડર મેનેજમેન્ટ (એયુએમ) આશરે રૂ. ૭૦૦ કરોડ છે. ગુજરાતમાં કિનારા કેપિટલ સપ્ટેમ્બર ૨૦૧૭માં તેની પ્રથમ શાખા શરૂ કર્યા પછી લગભગ ૧૦૦૦ નાના વેપારી એકમોને ધિરાણ પુરૂ પાડ્યું છે. કંપની હાલમાં ગુજરાતમાં આઠ શાખાઓ ધરાવે છે, જેમાં અમદાવાદ, આણંદ, અંકલેશ્વર, ભાવનગર, જામનગર, ઓઢવ, રાજકોટ, સુરત અને વડોદરાનો સમાવેશ થાય છે.

કિનારા કેપિટલના સ્થાપક અને સીઈઓ હાર્દિકા શાહે જણાવ્યું હતું કે, 'ગુજરાત તેની ઉદ્યોગસાહસિકતાની ભાવનાને કારણે વિશ્વભરમાં પ્રસિદ્ધ છે. અમે મિલકત ગીરવે લીધા વિના ભરોસાપાત્ર મુડી પૂરી પાડીને નાના ઉદ્યોગ સાહસિકોને ટેકો આપવા અમારી પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કરીએ છીએ. ગુજરાતના નાના વેપારી એકમો વેપાર ધંધા માટે પરંપરાગત રીતે વ્યક્તિગત અને ઔપચારિક લોન લેતા હોય છે.

## ઘુસણખોરી

● અનુસંધાન પહેલાનું ચાલુ

વખત આવું કર્યું નથી. વાસ્તવિક નિયંત્રણ રેખા ઉપર એક વિસ્તારમાં હજુ પણ ચીનના બે ટેન્ટ લાગેલા છે. ઓગસ્ટ ૨૦૧૮માં ચીને આ ક્ષેત્રમાં ઘુસણખોરી કરી હતી અને અનેક ટેન્ટ બનાવી દીધા હતા. ભારતના વિરોધ બાદ ચીને અનેક ટેન્ટ હટાવી દીધા હતા પરંતુ બે ટેન્ટ હજુ પણ રહેલા છે. એટલું જ નહીં બલ્કે ચીને સરહદ પેલે પારથી મોટી સંખ્યામાં માર્ગો બનાવી લીધા છે અને આધારભૂત માળખાઓને મજબૂત બનાવ્યા છે. સરપંચે કહયું છે કે, ગયા વર્ષથી આ લોકો દલાઈ લામાનો જન્મદિવસ મનાવી રહ્યા છે પરંતુ પ્રથમ વખત આવું બન્યું છે જ્યારે ચીનના સૈનિકો અહીં સુધી પહોંચી ગયા છે. સેના અને સરકારને આ અંગે માહિતી આપવામાં આવી છે. આ વિસ્તાર લડાખમાં ભારત અને ચીન વચ્ચે અંતિમ નિવાસી વિસ્તાર તરીકે છે. ચીની સેનાના આ પગલાને વુહાન શિખર બેઠકની ભાવનાઓની વિરુદ્ધમાં ગણવામાં આવે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ચીની પ્રમુખ જિંગપિંગ વચ્ચે ૨૭-૨૮મી એપ્રિલના દિવસે વુહાનમાં બેઠક યોજાઈ હતી જેમાં દ્વિપક્ષીય સંબંધોમાં વધુ સુધારો કરવા સહમતિ થઈ હતી.

## વિશ્વાસમત

● અનુસંધાન પહેલાનું ચાલુ

પંડિત કહેવાની સ્થિતિમાં નથી. જો કે, વિપક્ષી ભાજપે મામલામાં મુખ્યમંત્રીની જોરદાર ઝાટકણી કાઢી છે. કર્ણાટકમાં હાલ જોરદાર કટોકટી સર્જાઈ ગઈ છે. કારણ કે, કોંગ્રેસના ૧૩ અને જેડીએસના ત્રણ ધારાસભ્યો સહિત કુલ ૧૬ ધારાસભ્યો રાજીનામુ આપી ચુક્યા છે. એટલામાં ઓછું હોય તેમ બે અપક્ષ ધારાસભ્યો પણ રાજીનામુ આપી ચુક્યા છે. આ તમામને સરકારને તેમનો ટેકો પરત ખેંચી લીધો છે.

કુમારસ્વામીએ આજે વાત કરતા કહ્યું હતું કે, ઉપરોક્ત ઘટનાક્રમના દોર વચ્ચે તેઓએ નિર્ણય લીધો છે કે, વિશ્વાસમત મેળવવાની જરૂર છે. કુમારસ્વામીએ સ્પીકરનો સમય માંગી લીધો છે. તેમનું કહેવું છે કે, આત્મવિશ્વાસ સાથે આગળ વધવા માટે વિશ્વાસમત જરૂરી છે. કુમારસ્વામીએ એમ પણ કહ્યં હતું કે, સ્વૈચ્છિકરીતે વિશ્વાસમત માટેનો નિર્ણય લીધો છે. હાલમાં ચાલી રહેલા રાજકીય ઘટનાક્રમના દોર વચ્ચેઆ દુવિધા કેટલાક ધારાસભ્યોના પગલાના કારણે ઉભી થઈ છે. કુમારસ્વામીએ જાહેરાત કરી હતી કે, કોઈપણ સ્થિતિનો સામનો કરવા તેઓ તૈયાર છે.

## લાલુને જામીન

● અનુસંધાન પહેલાનું ચાલુ

હાઈકોર્ટે લાલૂ યાદવને જામીન સજાની અડધી અવધિ પસાર કરી દીધા બાદ આના આધાર પર જામીન આપ્યા છે. અલબત્ત આ મામલામાં જામીન મળી ગયા હોવા છતાં લાલૂને હાલમાં જેલમાં રહેવું પડશે. લાલૂ યાદવ તરફથી ૧૩મી જૂનના દિવસે રાંચી હાઈકોર્ટમાં જામીન અરજી દાખલ કરવામાં આવી હતી. હાઈકોર્ટે આજે આ અરજી ઉપર સુનાવણી હાથ ધરતી વેળા દેવઘર તિજોરીમાંથી ઉચાપતના મામલામાં લાલૂને જામીન આપી દીધા હતા. આ મામલા લાલૂ પોતાની અડધી સજા ગાળી ચુક્યા છે જેથી તેમને જામીન આપી શકાય છે. હાઈકોર્ટે લાલૂને શરતી જામીન આપ્યા હતા. જામીન માટે લાલૂને ૫૦-૫૦ હજાર રૂપિયાના બે હિસ્સા રજૂ કરવા પડશે.

## ગામડે જવા લાગ્યો

● અનુસંધાન ત્રીજાનું ચાલુ

કાનૂની જંગ લડીને સરકારે મધ્યાહન ભોજન યોજના લાગુ કરી તેને નાથવાનો પ્રયાસ કર્યો હતો. આ પ્રયાસો ચાલુ જ છે પણ આજેય પાંચ ટકાએ તે આવીને અટક્યો છે. આ રેસિયો ઝીરો થાય તેવુ આયોજન સરકાર કરે તે જરૂરી છે. પ્રાથમિક અને ઉચ્ચત્તર પ્રાથમિક એમ બે ભાગ પ્રાથમિક શિક્ષણમાં કર્યા. ઉચ્ચત્તર પ્રાથમિક શિક્ષકની લાયકાત બી.એડ. કરાઈ પણ પગાર પ્રા. શિક્ષકનો અપાય છે. ખરેખર માધ્યમિક શિક્ષકના પગારનો હક્કદાર છે. પ્રવાસી શિક્ષકોના અને પ્રવાસી પ્રોફેસરોના પ્રશ્નનો ઉકેલ લાવવા સરકાર હકારાત્મક અભિગમ દાખવે તેવો આગ્રહ કરતાં ડૉ. ચાવડાએ કહ્યુ હતુ કે આરોગ્ય અને શિક્ષણ એ બન્ને સેવાના માધ્યમો છે તેમાં ભાજપ કોંગ્રેસનું રાજકારણ નહિ કારણ કે અમે વિપક્ષમાં બેસીને તમારી ઉણપો જ ઉજાગર કરીશુ પણ સરકાર આ સેવાના કાર્યમાં સકારાત્મક અભિગમ સાથે આગળ વધે તે જરૂરી છે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું
અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧